# હાઉસિંગ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ - ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો વિશેની માર્ગદર્શિકા

**(Housing Benefit and Council Tax Benefit - a guide to Discretionary Housing Payments)**

આ પત્રિકા ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો વિશે સમજૂતી આપે છે. આ નિયમો રાષ્ટ્રિય છે અને તમે ગમે તે વિસ્તારમાં રહેતાં હો તે સરખા જ હોય છે. તમે રહો છો તે વિસ્તાર કઈ કાઉન્સિલમાં આવે છે તેની તમને ખબર ન હોય, તો તે તમે તમારા કાઉન્સિલ ટેક્સના બિલ પરથી જાણી શકશો.

## ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો (ડી.એચ.પી.) શું છે?

બેનિફિટો મેળવતાં જે ગ્રાહકોને તેમના રહેઠાણના ખર્ચ પ્રતિ મળતા બેનિફિટના પૈસા ઉપરાંત વધારાની મદદની જરૂર હોય તેમને તેમના ભાડા અથવા કાઉન્સિલ ટેક્સ અથવા બંનેમાં મદદ કરવા માટે ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો ચૂકવવામાં આવે છે.
ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો તરીકે ચૂકવવા માટે દર વર્ષે કાઉન્સિલને અમુક ચોક્કસ રકમ આપવામાં આવે છે અને સરકારે નક્કી કરેલી અમુક ચોક્કસ મર્યાદા કરતાં વધારે પૈસા કાઉન્સિલ આ માટે ખર્ચ કરી શકતી નથી.

નીચેના માટે ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો ચૂકવી **શકાતાં નથી**ઃ

- હાઉસિંગ બેનિફિટ દ્વારા આવરી  લેવામાં ન આવ્યો હોય તે સર્વિસ ચાર્જ
- બાકી ચૂકવવાનું ભાડું
- તમારું જોબસીકર્સ અલાવન્સ મંજૂર કરી દેવામાં આવ્યું હોવાને કારણે હાઉસિંગ બેનિફિટમાંથી થતી કપાતો
- જ્યારે તમારા હાઉસિંગ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટો રદ કરી દેવામાં આવે
- જો તમે ફક્ત કાઉન્સિલ ટેક્સ બેનિફિટ મેળવવા માટે જ હકદાર બનતાં હો તો ભાડું ભરવા માટે
- જો તમને ફક્ત હાઉસિંગ બેનિફિટ જ મળતો હોય તો તમારો કાઉન્સિલ ટેક્સ ભરવા માટે
- જ્યાં બેનિફિટ તરીકે ફક્ત સેકન્ડ એડલ્ટ રીબેટના જ પૈસા મળતા હોય.

## ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ મેળવવા માટે મારે કેવી રીતે અરજી કરવી?

જો તમે હાલમાં હાઉસિંગ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટ મેળવવા માટે હકદાર બનતાં હો તો જ તમે ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ મેળવવાની અરજી કરી શકો છો.
એપ્લિકેશન ફોર્મ મેળવવા માટે તમારી સ્થાનિક કાઉન્સિલના બેનિફિટ સર્વિસ વિભાગનો સંપર્ક કરો.

## મને ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ મળી શકે કે નહિ તેનો તમે કેવી રીતે નિર્ણય કરો છો?

તેનો નિર્ણય લેતી વખતે નીચેની બાબતો જોવામાં આવે છેઃ

- તમારી કુલ આવક
- તમારી પાસે કોઈ બચત છે કે નહિ
- ઘરમાંથી બીજું કોઈ નાણાંકીય મદદ કરી શકે તેમ છે કે નહિ
- તમારી ઉપરની કોઈ લોન કે કરજો તમારે પાછાં ચૂકવવાનાં બાકી છે કે નહિ
- પરિસ્થિતિમાં મદદ કરવા માટે તમે બીજી કોઈ રીતે પૈસાની ગોઠવણ કરી શકો તેમ છો કે નહિ
- તમારા કે તમારા કુટુંબના કોઈ ખાસ સંજોગો છે કે નહિ, જેમ કે બીમારી અથવા અસમર્થતા
- તમે પોતે પરિસ્થિતિનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કર્યો છે કે નહિ.

તમારી પાસેથી ઘણી બધી માહિતી માગવામાં આવશે અને તમારા ક્લેઈમ વિશે વધારે વિગતવાર ચર્ચા કરવા માટે તમને કદાચ તમારી સ્થાનિક કાઉન્સિલની ઓફિસમાં રૂબરૂ મળવા માટે પણ બોલાવવામાં આવી શકે.

તમને નિર્ણયની જાણ કરતો એક પત્ર મોકલવામાં આવશે અને તેમાં તે નિર્ણય માટેનાં કારણો પણ જણાવવામાં આવશે.
જો ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ આપવામાં આવ્યું હશે, તો તે કેટલું છે અને કેટલા સમય માટે તે આપવામાં આવ્યું છે તેની તમને પત્રમાં જાણ કરવામાં આવશે.

## મને કેટલા પૈસા મળી શકે અને કેટલા સમય માટે?

તમને કેટલા પૈસા મળશે તેનો આધાર તમારા સંજોગો પર રહેલો છે. દરેક કેસ વ્યક્તિગત રીતે જોવામાં આવે છે અને જુદા જુદા સમય માટે તેમના પૈસા ચૂકવવામાં આવે છે. પરંતુ, તમને ખરેખર પૈસા મળશે જ એવી કોઈ ખાતરી નથી.

કૃપા કરીને નોંધ કરો, હાઉસિંગ બેનિફિટ માટે આપવામાં આવતી રકમ, તમારા ભાડાની કુલ રકમમાંથી ઈલેક્ટ્રિસિટી કે પાણી જેવી સેવાઓ માટેના પૈસા બાદ કરતાં રહેતી રકમથી વધારે ન હોઈ શકે અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ માટે આપવામાં આવતી રકમ, તમારે ચૂકવવાના કાઉન્સિલ ટેક્સ કરતાં વધારે ન હોઈ શકે.

## જો મારી અરજી સફળ થશે તો તમે ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ કેવી રીતે ચૂકવશો?

જો તમારી અરજી સફળ થશે, તો સામાન્ય રીતે તમને મળતા કોઈ હાઉસિંગ કે કાઉન્સિલ ટેક્સ બેનિફિટની સાથે તમારું ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ ચૂકવવામાં આવે છે, જો કે ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટો બેનિફિટનાં પેયમેન્ટો **નથી.**

## ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટની મારી અરજી વિશેના નિર્ણય સાથે હું સહમત ન હોઉં તો મારે શું કરવું જોઈએ?

જો તમે ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ નહિ  ચૂકવવાના અથવા કેટલી રકમ ચૂકવવામાં આવે કે કેટલા સમય માટે ચૂકવવામાં આવે તેવા નિર્ણય સાથે સહમત ન હો, તો તમે તે નિર્ણય ફરીથી જોવા માટેની માગણી કરી શકો છો.

નિર્ણય જણાવતા પત્ર ઉપરની તારીખના એક કેલેન્ડર મહિનાની અંદર તમારી સ્થાનિક કાઉન્સિલને લખીને જણાવો કે તમે શા માટે તે નિર્ણય સાથે સહમત નથી.

તમને ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ નહિ ચૂકવવાના નિર્ણય સાથે જો તમે સહમત ન હો તો તે માટે તમે ટ્રાઈબ્યુનલ સર્વિસમાં અપીલ કરી શકો નહિ.

## મારા સંજોગો બદલાય તો શું કરવું?

જો તમારા સંજોગો બદલાય તો તમારે તરત જ લેખિતમાં તમારી સ્થાનિક કાઉન્સિલને તેની જાણ કરવી જ જોઈએ.

પૈસા આપવામાં કોઈ ફેરફાર થશે કે નહિ તે જોવા માટે તમારા ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ ઉપર ફરીથી વિચાર કરવામાં આવશે.

જો થયેલા ફેરફારને કારણે તમારા ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટની રકમમાં ઘટાડો થશે, તો તમને પહેલેથી ચૂકવાઈ ગયેલું બધું જ અથવા અમુક ભાગનું ડિસ્ક્રેશનરી હાઉસિંગ પેયમેન્ટ તમારે કાઉન્સિલને કદાચ પાછું ચૂકવવાનું થશે.

## મને વધારે સલાહ ક્યાંથી મળી શકે?

જો તમને વધારે મદદ કે સલાહ જોઈતાં હોય તો તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરો. (તમારી સ્થાનિક કાઉન્સિલનું નામ તમને તમારા કાઉન્સિલ ટેક્સ બિલ ઉપરથી મળશે.)

અથવા તમે તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરોનો અથવા વેલેફેર રાઈટ્સ સર્વિસનો સંપર્ક કરી શકો. તેમની વિગતો તમારી સ્થાનિક ફોન બુકમાંથી મળશે.

## અન્ય સ્વરૂપો

આ પુસ્તિકામાં આપવામાં આવેલી માહિતી તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો સ્વરૂપે અને બીજી ભાષાઓમાં મળી શકશે. વધારે માહિતી માટે અમારી વેબસાઈટ  www.benefit-leaflets.org જુઓ.